પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૧ | ૨૨ માર્ચ, ૨૦૨૩, બુધવાર; ચૈત્ર સુદ - ૦૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# સાવધાન : રાજ્યમાં કોરોનાના ૧૭૬ કેસ

## કોરોના વાયરસે બે દિવસ બાદ ફરીથી હાહાકાર મચાવ્યો : અમદાવાદમાં સૌથી વધુ કોરોનાના ૮૯ કેસ નોંધાયા છે

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં કોરોના વાયરસના નવા ૧૭૬ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૮૯ કેસ નોંધાયા છે. જ્યારે ૬૯ દર્દીઓને રજા આપવામાં આવી છે. જ્યારે લાંબા સમય બાદ કોરોનાથી એક દર્દીએ જીવ ગુમાવ્યો છે. કોરોનાના વધતા કેસને ધ્યાને રાખી ગુજરાતીઓએ ફરીથી સાવધાન રહેવાની જરૂર છે અને જો કોઈપણ લક્ષણ દેખાય તો તાત્કાલિક તેની સારવાર કરાવવી જોઈએ.

આમ, સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૯૧૬ કોરોના વાયરસના કુલ ૧૭૬ કેસ નોંધાયા છે. તો બીજી તરફ, ૬૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૯૧૬ એક્ટિવ કેસ છે. જ્યારે ભરૂચમાં એક દર્દીનું મોત નીપજ્યું છે. આ ઉપરાંત ૩ જેટલા દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. જ્યારે ૯૧૩ દર્દીની તબિયત સ્થિર છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસથી અત્યાર સુધીમાં કુલ ૧૧,૦૪૭ દર્દીના મોત નીપજ્યા છે. તો ૧૨ લાખથી વધુ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગત ૧૧મી માર્ચે પણ કોરોના વાયરસના ૫૧ કેસ નોંધાયા હતા. ત્યારે અમદાવાદમાં ૩૦થી વધુ કેસ નોંધાયા હતા. તો વળી, ૧૪મી માર્ચે ૫૮ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ૧૫મી માર્ચે ૯૧ કેસ નોંધાયા હતા. ૧૬મી માર્ચે ૧૧૯ કેસ અને ૧૭મી માર્ચે ૧૨૧ કેસ નોંધાયા હતા.

## અમૃતપાલ સિંહના ૪ સાથીઓની ધરપકડ કરાઈ

### પંજાબ પોલીસે અમૃતપાલ સિંહના વારિસ પંજાબ દેના પાંચ સભ્યો વિરુદ્ધ રાષ્ટ્રીય સુરક્ષા કાયદો લાગુ કર્યો, પંજાબમાં ઈન્ટરનેટ બંધ



અમૃતસર, તા.૨૧

ખાલિસ્તાન સમર્થક અને ’વારિસ પંજાબ દે’ના પ્રમુખ અમૃતપાલ સિંહ હજુ પણ ફરાર છે. પંજાબ પોલીસે તેની શોધખોળ તેજ કરી છે. પંજાબ પોલીસનું કહેવું છે કે અમૃતપાલ સિંહની હજુ સુધી ધરપકડ કરવામાં આવી નથી અને પોલીસ તેને પકડવાના પ્રયાસો કરી રહી છે. પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં ૧૧૮ લોકોની ધરપકડ કરી છે. અમૃતપાલના ૫ સહયોગીઓ પર નેશનલ સિક્યુરિટી એક્ટ (એનએસએ) લગાવવામાં આવ્યો છે.

પંજાબ પોલીસે પહેલા દિવસે અમૃતપાલના ૭૮ સમર્થકો, બીજા દિવસે ૩૪ અને ગત રાત્રે વધુ બેની ધરપકડ કરી હતી. પોલીસે તેમની પાસેથી ૧૦ હથિયાર પણ જપ્ત કર્યા છે. મંગળવારે પંજાબ પોલીસે લુધિયાણામાં ભાગેડુ અમૃતપાલ સિંહના ૪ સાથીઓની ધરપકડ કરી હતી. પંજાબમાં આજે પણ ઈન્ટરનેટ સેવા બંધ રહેશે. પોલીસે આ અંગે આદેશ પણ જારી કર્યો છે.પંજાબ પોલીસની એક ટીમ ખાલિસ્તાની સમર્થક હરજીત સિંહ સાથે ડિબ્રુગઢ સેન્ટ્રલ જેલ પહોંચી છે.

## ભાજપ દુનિયાની સૌથી મહત્વપૂર્ણ રાજકીય પાર્ટી : વોલ સ્ટ્રીટ

### અમેરિકાના એક ન્યૂઝ પેપરે ભાજપ પાર્ટીના વખાણ કર્યા : અખબારના લેખમાં અમેરિકાની ઈન્ડો-પેસેફિક વ્યૂહરચના પ્રમાણે ભારત અને જાપાનને મહત્વપૂર્ણ ગણવામાં આવ્યું

વોશિંગ્ટન, તા.૨૧

અમેરિકાના એક ન્યૂઝ પેપર વોલ સ્ટ્રીટે ભાજપ પાર્ટીના વખાણ કર્યા હતા. તેમણે એક આર્ટીકલ પ્રકાશિત કરતા લખ્યું હતું કે, ભાજપ દુનિયાની સૌથી મહત્વપૂર્ણ રાજકીય પાર્ટી છે. આ પેપરે તેમના આર્ટીકલમાં લખ્યું કે, ભારતમાં સત્તા પક્ષ ધરાવતી પાર્ટી ભાજપને અમેરિકાના રાષ્ટ્રિય હિતો પ્રમાણે જોઈએ તો તે દુનિયાની સૌથી મહત્વપૂર્ણ રાજકીય પાર્ટી છે. કદાચ આપણી પાસે તેના વિશે ખૂબ ઓછી જાણકારી છે. ભાજપે ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં જીત હાંસલ કરીને દેશની સત્તા પર પોતાનાનો પગ જમાવી દીધો છે. એટલું જ નહીં ભાજપ તરફથી દાવો પણ કરવામાં આવી રહ્યો છે કે તેના સભ્યોના આધારે પણ તે દુનિયાની સૌથી મોટી રાજકીય પાર્ટી છે.




આ આર્ટીકલમાં અમેરિકાની ઈન્ડો-પેસેફિક વ્યૂહરચના પ્રમાણે ભારત અને જાપાનને મહત્વપૂર્ણ ગણવામાં આવ્યું છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, ભાજપે સતત બે લોકસભાની ચૂંટણીઓમાં જીત હાંસલ કરી છે અને ૨૦૨૪માં પણ તેઓ જ જીતે એવું લાગી રહ્યું છે. આ લેખમાં આગળ લખવામાં આવ્યું છે કે, આવનારા સમયમાં ભાજપ જ ભારતના મહત્વપૂર્ણ નિર્ણયો લેવાની સ્થિતિમાં રહેશે. તેમની મદદ વગર ચીનની શક્તિને નિયંત્રિત કરવા અમેરિકી વ્યૂહરચનાનું અમલમાં આવવું અસંભવ રહેશે. તેનું કારણ છે કે તે એવા રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસથી પેદા થઈ છે કે જેના વિશે બિન-ભારતીય લોકોને વધુ જાણકારી નથી.

● અનુસંધાન પાન-૭ પર

## આવતીકાલે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રીજી વન-ડે

### ચેપોકની પીચ સામાન્ય રીતે ધીમી હોય છે, મેચના દિવસે વરસાદની આગાહી પણ કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૨૧

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણીની છેલ્લી મેચ ૨૨ માર્ચ (બુધવાર) ના રોજ ચેન્નાઈમાં રમાશે. ભારતીય ટીમે પ્રથમ મેચમાં પાંચ વિકેટથી શાનદાર જીત મેળવી હતી, પરંતુ બીજી મેચમાં ૧૦ વિકેટથી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. આવી સ્થિતિમાં હવે ત્રીજી મેચ બંને ટીમો માટે નિર્ણાયક બની ગઈ છે અને વિજેતા ટીમ વનડે શ્રેણી પર કબ્જો કરી લેશે. આ મેચ ભારતીય સમય અનુસાર બપોરે ૧.૩૦ વાગ્યાથી રમાશે. ત્રીજી વનડે મેચમાં ભારતીય ટીમના કોમ્બિનેશન પર પણ ચાહકોની નજર રહેશે.

પ્રથમ બે મેચમાં ડાબોડી ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્કની સામે ટીમ ઈન્ડિયાનો ટોપ ઓર્ડર ખાસ કમાલ બતાવી શક્યો નથી તે ખૂબ જ ચિંતાનો વિષય છે. સૂર્યકુમાર યાદવનું પ્રદર્શન ખૂબ જ શરમજનક હતું અને તે બંને મેચમાં પહેલા જ બોલ પર મિશેલ સ્ટાર્કની ઓવરમાં એલબીડબ્લ્યુ આઉટ થયો હતો. આવી સ્થિતિમાં સૂર્યકુમારને ત્રીજી વનડેમાં તક મળે છે કે નહીં તે જોવાનું રહેશે. જોકે રોહિત શર્માએ સંકેત આપ્યા છે કે સૂર્યકુમારને વધુ તક આપવામાં આવશે. રોહિતે બીજી વનડે બાદ કહ્યું હતું કે, ’અમને શ્રેયસ ઐય્યરની વાપસી વિશે ખબર નથી. શ્રેયસની જગ્યા ખાલી છે તેથી અમે સૂર્યાને જ મેદાનમાં ઉતારીશું. મેં ઘણી વખત કહ્યું છે કે જેની પાસે ક્ષમતા છે તેમને તક મળશે. સૂર્યા જાણે છે કે તેણે વનડેમાં પણ સારું પ્રદર્શન કરવું પડશે. સક્ષમ ખેલાડીઓએ ક્યારેય એવું ન અનુભવવું જોઈએ કે તેમને પૂરતી તકો આપવામાં આવી નથી.

## મુંબઈ સહિત અનેક સ્થળે વરસાદ

નવી દિલ્હી, તા.૨૧

હાલમાં દેશમાં વાતાવરણે જોરદાર પલટો લીધો છે. દેશભરમાં અનેક રાજ્યમાં વરસાદ પડી રહ્યો છે. જેના લીધે ખેડૂતોની ચિંતામાં વધારો થતો જોવા મળે છે. આજે પણ સવારથી અનેક રાજ્યોમાં વરસાદ પડી રહ્યો છે અને ઘણી જગ્યાએ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. એવામાં સપનાની નગરી મુંબઈની વાત કરવામાં આવે તો ત્યાં પણ સાવરથી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. હવામાન વિભાગે આજે અને આવતીકાલ માટે એલર્ટ જાહેર કરી દીધું છે.

**વધુ વરસાદની આગાહી : ઉત્તર પશ્ચિમમાં ઘણી જગ્યાએ વરસાદ અને કરા પડવાની સંભાવના છે, આઈએમડી અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે આ સ્થળોએ વરસાદ**

તો બીજી તરફ ઉત્તર પશ્ચિમમાં ઘણી જગ્યાએ વરસાદ અને કરા પડવાની સંભાવના છે. આઈએમડી અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાને કારણે આ સ્થળોએ વરસાદ પડી રહ્યો છે.

નવી બેચીઝ શરૂ થાય છે.
સ્પોકન ઈંગ્લિશ
IELTS
Trained 4000+ Students
UNIQSYNERGY study abroad
Register Now
Cell: 6359597030

**સિક્યોરીટી ગાર્ડ જોઈએ છે**

બેંકની ૮ (આઠ) શાખાઓ માટે દરેક શાખામાં ૧૨ કલાકની એક સીફ્ટ એમ બે શિફ્ટ માટે સિક્યોરીટી ગાર્ડ (અંદાજે ૧૮) તથા એક શાખામાં એક શિફ્ટ (૮ કલાક) માટે એક ગનમેનની જરૂર છે. સંબંધિત તમામ દસ્તાવેજો જેમ કે, રજીસ્ટ્રેશન, લાયસન્સ, પ્રોવિડંડ ફંડ, સર્વિસ ટેક્ષ નંબર વગેરે તમામ દસ્તાવેજો તથા એક ગાર્ડનો પગાર + જી.એસ.ટી. ચાર્જના દર સાથે જાહેરાતની તારીખથી દિન-૫ (પાંચ)માં નીચે જણાવેલ સરનામે બંધ કવરમાં ભાવો મોકલી આપશો.

ભાવો મોકલવાનું સરનામું
**ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસરશ્રી,**
ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.
પ્લોટ નં. ૩૯૧, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬




**કેન્સરના રોગોની નિયમિત ઓ.પી.ડી. 23 માર્ચ, ગુરૂવારે ગાંધીનગર ખાતે**
zydus Hospitals Cancer Centre
**ડૉ. નહુષ ટહિલિયાણી**
MD, DM (મેડિકલ ઓન્કોલૉજી અને હિમેટોલૉજી)
તમામ પ્રકારની કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને આધુનિક “ઈમ્યુનોથેરાપી”ના નિષ્ણાંત
**ઉપલબ્ધ સારવાર**
● મોંઢા અને ગળાના કેન્સર ● ફેફસાનાં કેન્સર ● સ્તન કેન્સર ● મગજમાં ગાંઠ ● આંતરડા તથા મળમાર્ગના કેન્સર ● લીવર, કીડની તથા પ્રોસ્ટેટ કેન્સર ● લોહીના કેન્સર (લ્યુકેમીયા, લીમ્ફોમા) ● ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર ● ચામડી, હાડકાના કેન્સર, સારકોમા
સાંજે 6.00 થી 8.00 કલાકે
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.



**TRIVEDI ASSOCIATES**

**Dr. Ashwin Vasudevbhai Trivedi**
B.Com., D.B.M., D.L.P., P.G.D.J. & MC.,LL.B, Ph.D
Advocate & Sp. Public Prosecutor, Notary
Chairman : World Book of Records(U.K.), Gujarat.
Vice President : South Asian Chamber of Commerce & Industry
Chief Co-ordinater : Shree Samast Gujarat Brahm Samaj Rajyakaksha
National Secretary (Bussiness) : Shree Parshuram International
National Secretary : International Brahmin Parliament(New Delhi)





**Divy Ashwinbhai Trivedi**
B.Com., P.G.D.J. & MC.,C.S. (Exe.), LL.B,
Advocate, Suprime Court of India, Delhi
Advisory Member : ZRUCC (Railway Ministry, Govt. of India)
State Youth Awardee, 2019 ( Govt. Of Gujarat)
Vice President : World Book of Records(U.K.), India.
Secretary : South Asian Chamber of Commerce & Industry
President of Pilitical cell : Shree Samast Gujarat Brahm Samaj Rajyakaksha

-: Advocates :-
Amit B. Shah, Ravi Patel, Mayursinh N. Chavda, Rushabh Shah
Chhaya Trivedi, Advocate & Notary, Corporator, GMC

(O). A 307 to 311, Swagat Rain Forest-1, Kudasan, Gandhinagar : 382421.
Resi. : Plot No. 369, Sector-8/B, Gandhinagar : 382007.
Mo. 9825450191, 7778050191, 9737711191.
Email ID.: info@trivediassociate.in, Website : www.trivediassociate.in